જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૭/૧૨/૨૦૧૮ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૩૮/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૧ કેસ કરી, ૪૮ વ્યક્તિઓને ઝડપી, ૧૦૫ લીટર દેશી દારૂ, ૭૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૮૯ બિયર ટીન, ૧ મોટર સાયકલ અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૫૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૪૨,૪૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૩૯/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૭૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી-૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૪૪૦/૧૮**

**આનંદનગરઃ** પૂજા વા/ઓ સુયશ ખેમકા (ઉ.વ.૩૨)(રહે. તુલસી ટ્વીન્સ બંગલો જોધપુર ચાર રસ્તા સેટેલાઇટ) એ તા.૧૬/૧૨/૧૮ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે એક વર્ષ પહેલા તા.૩૧/૧૨/૨૦૧૭ બપોરના ૧/૩૦ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન ફ્રેન્ચાઇઝ ઇન્ડીયા બ્રાન્ડ લી.ના મેનેજર પ્રહલાદનગર સફલ પ્રોફિટેર કોપરેટ રોડ ખાતે આરોપી (૧) ચેરમેન ગૌરવ માર્યા (ઓફીસ : ઓખલા ફેસ-૧ દિલ્લી) (૨) નીશીત સાયગલ (ઓફીસ : વિનસ એટલાન્ટીસ ૧૦૦ ફુટ રોડ સેટેલાઇટ) અને (૩) ગૌરવસિંહ પનવાર (ઓફીસ : વિનસ એટલાન્ટીસ ૧૦૦ ફુટ રોડ સેટેલાઇટ) એ ભેગા મળી બજારમાં પોતાની કંપનીની છાપ ઉભી કરી, પુજાબહેનની કંપની ટ્રેકનો પ્રા.લી ને કોન્ટ્રાક્ટ આપવાનુ કહી પુજાબહેન પાસેથી એડવાન્સ પેટે ચેકથી રૂપિયા ૧,૦૮,૦૦૦/- મેળવી લઇ કોન્ટ્રાક્ટ નહી આપી તથા લીધેલ પૈસા પણ પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.જે.બલોચ ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૨૪૪૧/૧૮**

**ચાંદખેડાઃ** નાગેશકુમાર રાજેન્દ્રકુમાર શર્મા (રહે. મારૂતી પ્લાઝા ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૨/૧૮ કલાક ૨/૦૦ વાગ્યાના સુમારે ચાંદખેડા કલોલ હાઇવે ઉપર આવેલ નાગેશકુમારના “બગ્ગા હયુન્ડાઇ શોરૂમ” ની અંદર બે અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, એકાઉન્ટની ઓફીસના ડ્રોઅરમાંથી ડીઝીટલ શેફ પેટી રોકડ રૂપિયા ૨,૦૮,૫૦૦/- સાથે ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.વી.ચૌધરી ચલાવે છે.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૪૨/૧૮</u>**

**સેટેલાઈટઃ** દશરથભાઇ લક્ષ્મીચંદ (ઉ.વ.૬૪)(રહે.શ્વાશય કો.ઓ.સોસાયટી દિવાળી બાગ આઠવા ગેટ સુરત) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૧૨/૧૮ કલાક ૧૦/૩૦ થી ૧૧/૦૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન દશરથભાઈ તથા તેમના પત્ની અને પુત્રી મણિનગર બી.આર.ટી.એસ.સ્ટેન્ડથી બસમાં બેસી શિવરંજની બી.આર.ટી,એસ સ્ટેન્ડ સેટેલાઇટ સુધીની મુસાફરી દરમ્યાન અજાણી વ્યક્તિએ પર્સમાંથી સોનાનો સેટ કિંમત રૂપિયા ૫૦,૦૦૦/, ડાયમંડ વિટી નંગ-૪ કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨,૫૦૦/- મળી કુલ રૂપિયા ૧,૫૨,૫૦૦/- મતાની ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એસ.ચૌધરી ચલાવે છે.

**ગાયકવાડ હવેલીઃ** હકીમભાઇ અબ્દુલરજાક રાવતર (રહે.મેગ્રીજી પ્લેસ મુસ્લીમ સોસાયટી મીઠાખળી નવરંગપુરા) એ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૨/૧૮ સવારના ૧૦/૪૫ થી ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન જમાલપુર શાકમાર્કેટમાં દુકાન નંબર-૩૪ ઉપર પહેલા માળે આવેલ હકીમભાઇની ઓફીસના ટેબલના ખાનામાંથી રોકડ રૂપિયા ૨,૧૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.જી.રાઠોડ ચલાવે છે.

**<u>પર્સ ઝુંટવી લઇ ગયો :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૪૩/૧૮</u>**

**વાસણાઃ** દુર્ગાજી કુલદિપકુમાર કૌલ (ઉ.વ.૫૯)(રહે. શ્રીનંદનગર વિભાગ-૨ વેજલપુર) તા.૧૬/૧૨/૧૮ બપોરના ૩/૪૫ વાગ્યાના સુમારે ધરણીધરબ્રીજ નીચે યશકમલ સોસાયટી પાસેથી ઓટોરિક્ષામાં પસાર થતા હતા ત્યારે એક્ટીવા જેવા સ્કુટર ઉપર આવેલ એક પુરૂષ ઓટોરિક્ષાને ઓવરટેક કરી, દુર્ગાજીના ખોળામાંથી પર્સ ખેંચી લઇ નાસી ગયો હતો. પર્સમાં દાગીના, મોબાઇલ ફોન અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૩૧,૨૦૦/- મતા હતી. આ અંગેની ફરીયાદ દુર્ગાજી કૌલએ વાસણા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.તડવી ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૪૪/૧૮</u>**

**સાબરમતીઃ** ઘિસારામ મલાજી રમૈયા (ઉ.વ.૪૦) (રહે. સ્મશાન ગૃહની બાજુમા છાપરામા કર્ણાવતી ફ્લેટની પાછળ અચેર સાબરમતી) તા.૧૫/૧૨/૧૮ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે સાબરમતી અચેર ચાર રસ્તા પાસે આવેલ વિમા યોજના દવાખાના સામેથી મોટર સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મોટર સાયકલને ટક્કર મારતા ઘિસારામ રમૈયાને ગંભીર ઇજાઓ થતાં તેમનું ઘટના સ્થળે મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર ઘિસારામ રમૈયાના પત્ની શાંતાબહેન રમૈયાએ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.દેસાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૪૪૫/૧૮**

**રિવરફ્રન્ટ ઇસ્ટઃ** સુરેશ ભુરાજી ઠાકોર (રહે. ભગુભાઇની ચાલી મહેદીકુવા માધવપુરા) એ અગમ્ય કારણસર તા.૧૫/૧૨/૧૮ સાજના ૬/૪૫ વાગે દુધેશ્વર સ્મશાન ગૃહ તરફ રિવરફ્રન્ટ વોક વે પર સીડી નંબર-૧૩ નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેંદ્રભાઇ કાળુભાઇ ચલાવે છે.

**બાપુનગરઃ** અશોકજી રેવાજી ઠાકોર (ઉ.વ.૪૫) (રહે. કૃટવાળી ચાલી એવરેસ્ટ ચાર રસ્તા જૈન રક્ષાબંધન પાછળ બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૧૬/૧૨/૧૮ સાજના ૫/30 વાગ્યા પહેલા પોતાના ઘરે વળી સાથે મફલર બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એમ.ગઢવી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.